શો-બાજ



# ખાખી પહેરી છે, પણ 'દબંગ' બનવાની જરૂર નથી!

## ફાતિમા સના શેખ

દંગલની ધાકડ છોકરી હવે ખાખીમાં! Hunkkaar: The Roarમાં ACP જસલીન સિંહ સોઇન બનીને ફાતિમા સના શૈખ પોલીસવાળાની 'ટિપિકલ' ઇમેજને જોરદાર ટક્કર મારી છે. ઓછા ડાયલોગ, વધારે એટિટ્યૂડ અને અંદર છુપાયેલું તોફાન ફાતિમાનો આ અવતાર ખરેખર કંઈક અલગ છે! તો ચાલો વધુ જાણીએ ફાતિમા વિશે....

### OTT માટે 'હા' કહેવાનું કારણ શું હતું?

સ્ટોરી, હું માત્ર એટલા માટે પ્રોજેક્ટ પસંદ કરતી નથી કે તે મોટો પ્લેટફોર્મ છે. મને એવું કંઈક જોઈએ છે જેમાં કેરેક્ટર માટે કંઈક કરવાની જગ્યા હોય. 'Hunkkaar'માં મને એ જગ્યા મળી.

### શૂટિંગ કરતી વખતે સેટ પર કેવું વાતાવરણ રહેતું?

મારો સેટ પર કામ કરવાનો નિયમ સ્પષ્ટ છે કે કેમેરા સામે 'એક્શન' અને 'કટ' વચ્ચે જ મારે પાત્રની ગંભીરતામાં રહેવું. જો તમે ગંભીર રોલ કરતી વખતે આખો દિવસ એ જ માનસિક સ્થિતિમાં રહો, તો તે તમારી માનસિક શાંતિ પર અસર કરી શકે છે. તેથી કેમેરા બંધ થતાં જ હું સેટ પર બધા સાથે હસી-મજાક કરતી હતી અને વાતાવરણ હળવું રાખવાનો પ્રયાસ કરતી હતી.

### ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ માટેના વાતાવરણ વિશે શું કહીશ?

સદભાગ્યે, મારી કારકિર્દી દરમિયાન મેં હંમેશાં ખૂબ જ સંવેદનશીલ, વ્યાવસાયિક અને સન્માનજનક નિર્માતાઓ સાથે કામ કર્યું છે. નિતેશ તિવારી, મેઘના ગુલઝાર અને અનુરાગ બાસુ જેવા ડિરેક્ટર્સ સાથે કામ કરીને મેં ઈન્ડસ્ટ્રીના ખૂબ સુરક્ષિત વાતાવરણનો અનુભવ કર્યો છે. જોકે, આખી ઈન્ડસ્ટ્રીમાં હવે મહિલાઓ માટે વધુ સુવિધાઓ અને સુરક્ષાના નિયમો છે અને પરિસ્થિતિ પહેલાં કરતાં ઘણી સુધરી છે. આજે મહિલાઓ માત્ર એક્ટિંગ જ નહીં પણ પ્રોડક્શન, ડાયરેક્શન અને રાઈટિંગમાં પણ આગળ આવી રહી છે.

### રામ ગોપાલ વર્માની 'પોલીસ કંપની'માં કોઇ રોલ કર્યો?

રામ ગોપાલ વર્મા સર સાથે કામ કરવાનો અનુભવ ખરેખર ખૂબ જ અનોખો અને શીખવા જેવો રહ્યો છે. તેઓ સિનેમાના એક અલગ જ દ્રષ્ટિકોણ ધરાવે છે અને તેમની કામ કરવાની શૈલી ખૂબ જ ઝડપી અને સ્પષ્ટ હોય છે. 'પોલીસ કંપની'માં મારો રોલ ભલે ખૂબ લાંબો ન હોય, પણ વાર્તાના વળાંક માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ અને પાવરફુલ છે. એક કલાકાર તરીકે મને અલગ-અલગ પ્રકારના ડિરેક્ટર્સ સાથે કામ કરીને તેમની વિચારસરણી સમજવાનો આનંદ મળે છે.

> કેમેરા સામે 'એક્શન' અને 'કટ' વચ્ચે જ મારે પાત્રની ગંભીરતામાં રહેવું

### શૂટિંગના વ્યસ્ત શિડ્યુલ વચ્ચે રિલેક્સ થવા માટે શું કરે છે?

સતત કામ અને શૂટિંગના તણાવમાંથી મુક્ત થવા માટે હું મારી હોબીઝ પર ધ્યાન આપું છું. મને ફોટોગ્રાફી કરવાનો ખૂબ જ શોખ છે, તેથી જ્યારે પણ સમય મળે ત્યારે હું કેમેરા લઈને નીકળી પડું છું. આ ઉપરાંત, નવી-નવી જગ્યાઓએ ટ્રાવેલ કરવું અને કુદરતની નજીક રહેવું મને ખૂબ ગમે છે. ઘરે હોઉં ત્યારે મારા પાલતુ પ્રાણીઓ સાથે સમય વિતાવવો અને પુસ્તકો વાંચવા એ મારો સૌથી પ્રિય રિલેક્સેશન ટાઈમ છે.

### કો-એક્ટર સાથે કામ કરતી વખતે સૌથી મહત્વનું શું છે?

કોઈપણ ફિલ્મ કે સીરિઝમાં કામ કરતી વખતે કો-એક્ટર વચ્ચેનો પરસ્પર તાલમેલ અને આદર ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. 'હુંકાર'માં મને ઝીશાન અય્યુબ, રામ કપૂર અને અનીત પડ્ડા જેવા અદ્ભુત કલાકારો સાથે કામ કરવાનો મોકો મળ્યો. જ્યારે સામેની વ્યક્તિ ગુણવત્તાસભર એક્ટિંગ કરે છે, ત્યારે તમારું પરફોર્મન્સ પણ આપોઆપ સુધરી જાય છે.

### શું ભવિષ્યમાં ડાયરેક્શન કે પ્રોડક્શન ક્ષેત્રે જવાનું વિચારી રહી છે?

હાલના તબક્કે તો મારું પૂરેપૂરું ફોકસ એક એક્ટર તરીકે મારી જાતને વધુ શ્રેષ્ઠ બનાવવા પર જ છે. સિનેમાનું ડાયરેક્શન અને પ્રોડક્શન એ ખૂબ જ મોટી અને જવાબદારીભરી પ્રક્રિયા છે, જેના માટે ઊંડા જ્ઞાન અને સમયની જરૂર હોય છે! જોકે, મને ફિલ્મો બનાવવાના ટેકનિકલ પાસાઓમાં રસ જરૂર છે, તેથી ભવિષ્યમાં જો યોગ્ય સમય અને વાર્તા મળશે તો હું ડાયરેક્શન કે પ્રોડક્શનમાં ચોક્કસ કામ કરીશ. ●

---

# ગુલ્લૂને બીગબોસ હાઉસમાં બહારની દુનિયાના સિક્રેટ મેસેજ મળ્યા?

તાજેતરની ચર્ચાઓ અને સામે આવેલા વીડિયો-દાવાઓ બાદ સોશિયલ મીડિયા પર એવી અટકળો ચાલી રહી છે કે ગુલ્લૂને ઘરની અંદર બહારની દુનિયા સાથે જોડાયેલા કેટલાક કોડેડ મેસેજ મળી રહ્યા છે.

આ ચર્ચામાં સૌથી મોટું નામ તેની કથિત PR ટીમનું સામે આવી રહ્યું છે. સવાલ એ છે કે શું બહાર બેઠેલી ટીમ કોઈ રીતે ગુલ્લૂને ગેમની દિશા સમજાવી રહી છે?

જો ખરેખર આવું હોય તો ભાઈ આ તો બિગ બોસ નહીં, 'બિગ બોસઃ સ્પાય એડિશન' થઈ ગયું! પરંતુ અહીં એક ટ્વિસ્ટ પણ છે. અત્યાર સુધીની ચર્ચાઓ અને દાવાઓને કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. એટલે આ આખી વાત ખરેખર કોઈ ગુપ્ત ગેમપ્લાન છે કે પછી ઘરના સભ્યો અને ફેન્સની પોતાની અટકળો–એ હજી સસ્પેન્સ જ છે. ગેમમાં જો ગુલ્લૂ કોઈ નિર્ણય લેતા પહેલાં અચાનક કંઈક અલગ રીતે રિએક્ટ કરે, કોઈ ખાસ વાત પર ચોક્કસ જવાબ આપે અથવા પરિસ્થિતિને પોતાના ફાયદામાં ફેરવી નાખે, તો ફેન્સના રડાર તરત ચાલુ થઈ જાય છે. 'આટલું બધું કેવી રીતે ખબર?' બસ, અહીંથી શરૂ થાય છે સિક્રેટ મેસેજની થિયરી! પણ બીજી બાજુ એવું પણ બની શકે કે ગુલ્લૂ માત્ર ગેમને સારી રીતે વાંચી રહ્યો હોય. આખરે બિગ બોસના ઘરમાં રહેતા સ્પર્ધકો સતત એકબીજાને ઓબ્ઝર્વ કરતા હોય છે. એટલે દરેક સંકેત પાછળ 'બહારની મદદ' શોધવી પણ યોગ્ય ન હોય. એક તરફ સિક્રેટ મેસેજની ચર્ચા ચાલી રહી છે, તો બીજી તરફ ગુલ્લૂના ઘરના સંબંધોમાં પણ ગરમી વધી રહી છે. સ્કાઉટ સાથેની બોલાચાલીએ તો મામલો વધુ મસાલેદાર બનાવી દીધો. બંને વચ્ચે તીખી વાતચીત થઈ અને એકબીજા પર 'ફૂટેજના ભૂખ્યા' હોવાના આરોપો સુધી વાત પહોંચી. અહીં સવાલ એ છે કે આ માત્ર ક્ષણિક ગુસ્સો હતો કે પછી બંને વચ્ચેની ગેમ હવે લાંબી ચાલવાની છે? કારણ કે બિગ બોસમાં એક ઝઘડો ક્યારેય માત્ર ઝઘડો હોતો નથી. ઘણી વખત એ જ ઝઘડો બીજા દિવસે આખી ગેમની સ્ટોરીલાઈન બની જાય છે!

કનિકા અને ગુલ્લૂ વચ્ચેની વાતચીત પણ ધ્યાન ખેંચી રહી છે. કનિકા પોતાની વાતો ગુલ્લૂ સાથે શેર કરતી જોવા મળી રહી છે અને ઘરમાં આરિશ્ફા તથા ઉદિતિના બદલાતા વલણ અંગે પણ ચર્ચા થઈ રહી છે. ઘરમાં હવે માત્ર 'કોણ કોની સાથે છે?' એટલું જ નહીં, પરંતુ 'કોણ કોની પાછળ શું વાત કરે છે?' એ પણ મહત્વનું બની ગયું છે. આ તરફ કાઝી અને માહીના ગ્રુપને લઈને પણ ઘરમાં નવા સમીકરણો જોવા મળી રહ્યા છે. ક્યાંક દોસ્તી, ક્યાંક ગ્રુપબાજી, ક્યાંક લાગણીઓ અને ક્યાંક આંસુ–બિગ બોસનું ઘર હાલમાં જાણે રોજ નવી સ્ક્રિપ્ટ લખી રહ્યું છે. જો આ વાત માત્ર અફવા છે તો ગુલ્લૂ માટે કદાચ આ ચર્ચા એક વધારાનો ફાયદો બની શકે છે. કારણ કે બિગ બોસમાં ચર્ચામાં રહેવું પણ એક પ્રકારની કરન્સી છે. અને જો ખરેખર કોઈ ગુપ્ત ગેમપ્લાન છે તો ગુલ્લૂએ કદાચ ઘરની અંદર બેઠા-બેઠા એક અલગ જ લેવલની ગેમ શરૂ કરી દીધી છે! હાલમાં તો સત્ય શું છે એ સ્પષ્ટ નથી, પરંતુ એક વાત પાક્કી છે–બિગ બોસ 20માં હવે ડ્રામા માત્ર ઘરની અંદર નથી. ઘરની બહાર બેઠેલા ફેન્સ પણ ડિટેક્ટિવ બની ગયા છે! ●

સ્મોલ સ્ક્રીન



**બિગ બોસના હાઉસમાં કેમેરા બધું જુએ છે પણ જો કોઈ સ્પર્ધકને કેમેરાની નજરથી બચીને બહારની દુનિયાની 'હિન્ટ' મળી રહી હોય તો?**

---

# નવો અસુર કોણ બનશે?

વેબ સીરિઝ 'અસુર 3'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. મુંબઈમાં શૂટિંગ શરૂ થઇ ગયું છે અને ડિસેમ્બર સુધી પ્રોડક્શન પૂર્ણ કરવાની યોજના છે. 'અસુર'ની શરૂઆત 2020માં થઈ હતી. પહેલા સીઝનમાં ફોરેન્સિક એક્સપર્ટ નીખિલ નાયર એટલે કે બરુણ સોબતી અને સીબીઆઈ ઓફિસર ધનંજય રાજપૂત એટલે કે અરશદ વારસી આમને-સામને આવ્યા હતા. વાર્તાનું સૌથી મોટું આકર્ષણ હતું સીરિયલ કિલર શુભ, જે પોતાને ભગવાન શિવના વિનાશક સ્વરૂપ 'કાળી' સાથે જોડે છે. ગુનાઓની પાછળ ભારતીય પુરાણો, કળિયુગ અને અસુરની વિચારધારાને જોડવામાં આવી હતી. એટલે 'અસુર' માત્ર મર્ડર મિસ્ટ્રી નહોતી, પરંતુ સાયકોલોજી અને માયથોલોજીનું ડાર્ક કોમ્બિનેશન બની હતી.

બીજા સીઝનમાં વાર્તા વધુ મોટી બની. શુભે માત્ર હત્યાઓ સુધી પોતાનો ખેલ સીમિત રાખ્યો નહીં, પરંતુ AI, સોશિયલ મીડિયા અને ફેક ઈન્ફોર્મેશનનો ઉપયોગ કરીને સમાજમાં અફરાતફરી ફેલાવવાનો પ્લાન બનાવ્યો. બીજી તરફ ધનંજય અને નીખિલ ફરી તેની પાછળ પડ્યા. 11 વર્ષના અનંતને 'કટ્ટર યુગનો કલ્કિ' તરીકે રજૂ કરવામાં આવ્યો અને શુભે તેની આસપાસ પોતાની સૌથી મોટી રમત ગોઠવી. અંતે મુક્તિ ઘાટ અને વૈજ્ઞાનિકોની કોન્ફરન્સમાં સોનિક બોમ્બ દ્વારા મોટી જાનહાનિ કરવાનું કાવતરું રચાયું. ધનંજયે શુભને પકડી લીધો, જ્યારે નીખિલે જેલમાં જઈને ઝેર આપીને શુભનો અંત કર્યો. પરંતુ અહીં જ 'અસુર 3' માટે મોટો ટ્વિસ્ટ છોડી દેવામાં આવ્યો. શુભનો અંત થયો, પણ તેની વિચારધારા નહીં.

હવે ત્રીજા સીઝનમાં સવાલ એ છે કે 'નવો અસુર' કોણ હશે? મેકર્સે વાર્તા અંગે મોટા ભાગની વિગતો સિક્રેટ રાખી છે, તેથી ચોક્કસ પ્લોટ હજુ સામે આવ્યો નથી. જોકે સીઝન 2ના અંતમાં શુભે આપેલો સંકેત કે અંધકાર એક વ્યક્તિના અંત સાથે ખતમ થતો નથી, 'અસુર 3'ની દિશા અંગે મોટો હિન્ટ આપે છે. સીઝન 3માં અગાઉ કરતાં વધુ ડાર્ક, સાઈકોલોજિકલ અને લેયર્ડ સ્ટોરી જોવા મળશે તેવી માહિતી સામે આવી છે.

અરશદ વારસી અને બરુણ સોબતી ફરી ધનંજય રાજપૂત અને નીખિલ નાયર તરીકે પરત ફરી રહ્યા છે. સાથે રિદ્ધિ ડોગરા, અનુપ્રિયા ગોએન્કા અને વિશેષ બંસલ પણ જોવા મળશે. શ્વેતા બસુ પ્રસાદ અને અહસાસ ચન્ના જેવા નવા ચહેરાઓની પણ એન્ટ્રી થઈ છે. સંદીપા ધાર પણ શૂટિંગ શરૂ કરી ચૂકી છે.

આ વખતે સૌથી મોટો બદલાવ કેમેરાની પાછળ છે. પહેલા બે સીઝનનું દિગ્દર્શન કરનાર ઓની સેન આ વખતે ડિરેક્ટર તરીકે પરત નથી આવી રહ્યા. સીરિઝના ક્રિએટર અને રાઈટર ગૌરવ શુક્લા હવે 'અસુર 3'નું ડિરેક્શન સંભાળી રહ્યા છે. તેમના માટે આ ડિરેક્ટર તરીકેનું ડેબ્યૂ પણ છે.

એટલે હવે 'અસુર 3'માં સૌથી મોટો સવાલ શુભ જીવતો છે કે નહીં એ નહીં, પરંતુ શુભની વિચારધારા કોના શરીરમાં અને કયા નવા રૂપમાં પાછી ફરશે એ છે. 'અસુર'ની દુનિયામાં ખરાબીનો અંત વ્યક્તિના અંત સાથે નથી થતો–અને આ જ વાત ત્રીજા સીઝનને વધુ ડાર્ક અને ઈન્ટરેસ્ટિંગ બનાવી શકે છે. ●




**સીરિઝના ક્રિએટર અને રાઇટર ગૌરવ શુક્લા હવે 'અસુર 3'નું ડિરેક્શન સંભાળી રહ્યા છે. તેમના માટે આ ડિરેક્ટર તરીકેનું ડેબ્યૂ પણ છે**

અપકમિંગ

